પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૩૦   અંક :૩૬   કુલ પાના : ૪   તારીખ : ૦૨-૧૦-૨૦૨૬ શુક્રવાર   કિંમત રૂા.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિક: કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તલાવ રોર્ડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મો:૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97   9712880678   panchmahalsamachar@gmail.com   panchmahalsamachar   panchmahalsamachar   w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦



# મહિસાગર જીલ્લા નાયબ કલેકટર એ જીલ્લાના ત્રણ સ્થળની તપાસમાં ૧૩ મિલ્કતમાં સ્ટેમ્પ ડ્યુટીમાં ગેરરીતિ સામે આવતાં રૂા.૨૯.૭૪ લાખ વસુલાતની કાર્યવાહી હાથ ધરાઈ

ગોધરા,

મહિસાગર જીલ્લાના નાયબ કલેકટર એચ.ટી.મકવાણા દ્વારા સરકારને મળવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીની સંપૂર્ણ વસુલાત સુનિશ્ચિત કરવા તેમજ મિલ્કતોના નોંધાયેલા દસ્તાવેજોમાં દર્શાવેલી વિગતો અને સ્થળ પરની વાસ્તવિક સ્થિતી વચ્ચે વિસંગતા રહી ન જાય તે માટે સ્ટેમ્પ ડ્યુટીની આકસ્મિક સ્થળ તપાસ અને દસ્તાવેજોના ચકાસણીની કામગીરી સઘન બનાવવામાં આવી છે. જેમાં બાલાસીનોર તાલુકા સોમનાથ ડેવલોપર્સની એક મિલ્કત તેમજ માધવ ઈન્ફ્રાસ્ટકચરના ૯ વેચાણ દસ્તાવેજની ચકાસણી કરવામાં આવી હતી. મળી કુલ મહિસાગર જીલ્લાના ૧૨ વેચાણ દસ્તાવેજમાં તપાસ કરતાં રૂા.૨૯,૭૪,૨૭૩/–ની સ્ટેમ્પ ડ્યુટી દંડ સહિત વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



મહિસાગર જીલ્લાના નાયબ કલેકટર એચ.ટી. મકવાણા દ્વારા સરકારને મળવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીની સંપૂર્ણ વસુલાત સુનિશ્ચિત કરવા તેમજ મિલ્કતોના નોંધાયેલા દર્શાવેલી વિગતો સ્થળ પરની વાસ્તવિક સ્થિતી વચ્ચે વિસંગતા રહી ન જાય તે માટે સ્ટેમ્પ ડ્યુટીની આકસ્મિક સ્થળ તપાસ અને દસ્તાવેજોની ચકાસણી સઘન બનાવવામાં આવી છે. તે અંતર્ગત નાયબ કલેકટર એચ.ટી.મકવાણા અને તેઓની ટીમ દ્વારા બાલાસીનોર તાલુકા સોમનાથ સોસાયટી, માધવ ઈન્ફ્રાસ્ટકચર અને લુણાવાડા તાલુકાના વ્રજ વિહાર રૂબરૂ સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન દસ્તાવેજોમાં ખુલ્લા પ્લોટ તરીકે દર્શાવવવામાં આવી હતી. જ્યારે સ્થળ તપાસમાં બે માળના આર.સી.સી. બાંધકામો તથા દુકાનોના બાંધકામો અસ્તિત્વમાં હોવાનું જણાઈ આવ્યું હતું. આ આધારે સંબંધિત દસ્તાવેજોની બજાર કિંમત તથા લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટીની ચોરી અંગે પૂનઃ ગણતરી કરવામાં આવી હતી.

જેમાં બાલાસીનોર સોમનાથ સોસાયટીના પ્લોટ નંબર–૧૩, ખુટતી સ્ટેમ્પ ડ્યુટી રૂા.૪૮,૯૮૦/–, માધવ ઈન્ફ્રાસ્ટકચરના ૯ વેચાણ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. રૂા.૨૦,૫૯,૭૮૩/– લુણાવાડા તાલુકાના જેસીંગપુરા વ્રજ વિહાર પ્લોટ નં.૨૯ અને પ્લોટ નં.૧૪માં રૂા.૫,૬૫,૫૧૦/–ની સ્ટેમ્પ ડ્યુટી તથા સંલગ્ન દંડની રકમ સહિત મહિસાગર જીલ્લાના ત્રણ સ્થળેથી રૂા.૨૯,૭૪,૨૭૩/–ની સ્ટેમ્પ ડ્યુટીની ગેરરીતિ ઝડપી પાડી વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ તથા સંબંધિત નિયમોની જોગવાઈઓ મુજબ મિલકતના દસ્તાવેજોમાં મિલકતની સાચી અને સંપૂર્ણ વિગતો દર્શાવવી તથા લાગુ પડતી યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરવી ફરજીયાત છે. સ્થળ તપાસ દરમિયાન દસ્તાવેજમાં દર્શાવાયેલી વિગતો અને વાસ્તવિક સ્થિતિમાં તફાવત જણાય ત્યારે બજાર કિંમતની પુનઃચકાસણી કરી ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી તથા કાયદેસર દંડની વસૂલાતની કાર્યવાહી કરવામાં આવે છે.*

નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાએ જણાવ્યું હતું કે, મિલકતની વાસ્તવિક સ્થિતિ છુપાવીને અથવા મિલકતની અપૂર્ણ/ખોટી વિગતો દર્શાવી સ્ટેમ્પ ડ્યુટીમાં ગેરરીતિ કરવાનો કોઈપણ પ્રયાસ ચલાવી લેવામાં આવશે નહીં. નોંધાયેલા દસ્તાવેજોની સ્થળ પર ચકાસણી, દસ્તાવેજમાં દર્શાવાયેલી વિગતો અને વાસ્તવિક સ્થિતિની તુલના તથા બજાર કિંમતના આધારે સ્ટેમ્પ ડ્યુટીની ચકાસણીની કામગીરી આગામી દિવસોમાં પણ વધુ સઘન બનાવવામાં આવશે.

મહીસાગર જીલ્લામાં સરકારને મળવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીની સંપૂર્ણ વસૂલાત સુનિશ્ચિત કરવા તથા સ્ટેમ્પ ડ્યુટીની ગેરરીતિ અટકાવવા આવી આકસ્મિક તપાસો સતત ચાલુ રાખવામાં આવશે. :– એચ.ટી.મકવાણા, નાયબ કલેકટર, મહિસાગર.

# છોટાઉદેપુરના ડોલરીચા પંથકના ખેડૂતો MGVCL પર ધરણા પર બેઠા

**ખેતી માટે પૂરતી વીજળીની માંગ, બે દિવસમાં વીજળી ન મળે તો આંદોલન.**



છોટા ઉદેપુર,

છોટા ઉદેપુર જીલ્લાના ડોલરીચા પંથકના ખેડૂતોએ આજે તેજગઢ MGVCL કચેરી સામે ધરણા કર્યા હતા. તેઓએ ખેતી માટે પૂરતી વીજળી આપવાની માંગ કરી છે.

ડોલરીચા, કુભાની, વઢવાણ, નવાગામ અને જામલી ગામના ખેડૂતોને છેલ્લા કેટલાક દિવસથી ૮ કલાકને બદલે માંડ ૮ મિનિટ વીજળી મળે છે. જેના કારણે તેમનો કપાસ, ડાંગર અને તુવેર જેવા પાક સુકાઈ રહ્યો છે.

પાકને છેલ્લું પાણી આપવાની તાતી જરૂર છે, પરંતુ વીજળી ન મળતા ખેડૂતો ચિંતિત છે. મોટી સંખ્યામાં ખેડૂતો કચેરી પહોંચ્યા અને નારા લગાવ્યા.

તેઓએ MGVCLના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિતમાં આવેદનપત્ર આપ્યું. ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જો બે દિવસમાં વીજળી નહીં મળે તો તેઓ આંદોલન કરશે.

# દાહોદ સ્માર્ટ સિટીનું ઘરેણું સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ જાળવણીના અભાવે બિન ઉપયોગી બનશે?

દાહોદ,

દાહોદ સ્માર્ટ સિટી મિશન અંતર્ગત કરોડો રૂપિયાના અધધ ખર્ચે નવનિર્માણ પામેલું દાહોદનું ઐતિહાસિક સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ હાલમાં તંત્રની જાળવણીના અભાવે ગંદકીનું ધામ બની રહ્યું છે. એક સમયે સુંદરતા અને નયનરમ્ય વાતાવરણ માટે શહેરીજનોનું મન પસંદ ફરવા લાયક સ્થળ બનેલું આ તળાવ હવે દુરવસ્થાનો ભોગ બન્યું છે. લીલી વનસ્પતિ અને કચરાનું સામ્રાજ્ય તળાવમાં યોગ્ય સાફ–સફાઈ ન થવાના કારણે સપાટી પર લીલી વનસ્પતિ (જળકુંભી) છવાઈ ગઈ છે. આ ઉપરાંત, તળાવના કિનારે અને પાણીમાં ભારે માત્રામાં પ્લાસ્ટિક અને કચરો ભેગો થતાં આહલાદક દ્રશ્યો આપતું તળાવ હવે ધીરે ધીરે ઉકરડામાં ફેરવાઈ રહ્યું છે. સ્થાનિક શહેરીજનોના જણાવ્યા મુજબ, તળાવમાં ગટરના દૂષિત પાણી ઠાલવતી કૂવા અને પાઈપ લાઈનો સક્રિય હોવાના કારણે પાણી અત્યંત ઝેરી બની ગયું છે. દૂષિત પાણીના કારણે તળાવમાં રહેલી હજારો માછલીઓ તરફડીને મરી રહી છે, જેનાથી તળાવની આસપાસ દુર્ગંધ પણે ફેલાઈ રહી છે.

શહેરીજનોએ આ ગંભીર બાબતે અનેકવાર સ્થાનિક તંત્ર તથા સ્માર્ટ સિટીના અધિકારીઓનું ધ્યાન દોર્યું હોવા છતાં આજ દિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જો આ અવ્યવસ્થામાં વહેલી તકે સુધારો કરવામાં નહીં આવે, તો કરોડો રૂપિયાના ખર્ચે કરાયેલી ઉમદા કામગીરી સમયજતાં માત્ર ગંદકીનો ભંડાર બનીને રહી જશે. સિદ્ધરાજ જયસિંહની ઓળખ પ્રસ્થાપિત કરવાની માગ ઐતિહાસિક દ્રષ્ટિએ આ તળાવ પાટણના મહારાજા સિદ્ધરાજ જયસિંહના સમય સાથે જોડાયેલું છે. તળાવને તેમનું નામ તો આપવામાં આવ્યું છે, પરંતુ તે માત્ર કાગળ પર કે નામ પૂરતું સીમિત રહ્યું છે. શહેરીજનો અને ઈતિહાસ પ્રેમીઓની માગ કેઃ તળાવના પરિસરમાં મહારાજા સિદ્ધરાજ જયસિંહનું ભવ્ય સ્ટેચ્યુ (પુતળું) મૂકવામાં આવે.

તળાવનો ઈતિહાસ દર્શાવતો શિલાલેખ (ઈતિહાસ પટ્ટી) લગાવવામાં આવે, જેથી આવનારી નવી પેઢી જાણી શકે કે આ ઐતિહાસિક તળાવ ક્યારે, કેમ અને કોણે બંધાવ્યું હતું.તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તળાવમાં ભળતા ગટરના પાણી સદંતર બંધ કરવામાં આવે, તળાવની સંપૂર્ણ સફાઈ કરાય અને આ ઐતિહાસિક વારસાનું જતન કરી તેને ખરા અર્થમાં સ્માર્ટ બનાવવામાં આવે તે જ સમયની માગ છે.

# કવાંટના જામલીમાં ૭૭મા વન મહોત્સવની ઉજવણી :'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ



કવાંટ,

સામાજીક વનીકરણ રેન્જ કવાંટ અને વડોદરા સામાજીક વનીકરણ વિભાગ દ્વારા ૭૭મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આ તાલુકા કક્ષાનો કાર્યક્રમ સરકારી વિનયન કોલેજ, જામલી ખાતે યોજાયો હતો.આ પ્રસંગે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરાયું.

કાર્યક્રમમાં ૧૩૮–પાવીજેતપુર વિધાનસભાના ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા અને ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ગીતાબેન રાઠવા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

આ ઉપરાંત કવાંટના આર.એફ.ઓ. રાકેશભાઈ રાઠવા, કવાંટ તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ રાઠવા, જીલ્લા પંચાયત સદસ્ય યશવંતભાઈ ચૌહાણ, કવાંટ તાલુકા પંચાયત પ્રમુખ તેજલબેન રાઠવા અને તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભાવેશભાઈ પંચાલ પણ ઉપસ્થિત રહ્યા.વન વિભાગના કર્મચારીઓ અને કોલેજના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાએ વધુ વૃક્ષો વાવી તેનો ઉછેર કરવા અને પર્યાવરણનું જતન કરવા અપીલ કરી.

# મહીસાગર નલ સે જલ કૌભાંડમાં પાણી સમિતિના સભ્ય સચિવ પુનાભાઈ માલીવાડની ધરપકડ



લુણાવાડા,

મહીસાગર જીલ્લાના કરોડો રૂપિયાના નલ સે જલ કૌભાંડમાં CID ક્રાઈમે વધુ એક ધરપકડ કરી છે. તપાસનો દોર હવે પાણી સમિતિના સભ્યો સુધી પહોંચ્યો છે. દહેગામડા ગામના પાણી સમિતિના સભ્ય સચિવ પુનાભાઈ માલીવાડની ધરપકડ કરવામાં આવી છે. તેમના પર ૧ લાખ ૩૦ હજાર રૂપિયા લેવાનો આરોપ છે.

આ કૌભાંડમાં CID ક્રાઈમે ફરિયાદ નોંધી હતી. શરૂઆતમાં વાસ્મો યુનિટ મેનેજર અને કર્મચારીઓ સામે ફરિયાદ થઈ હતી. પછી આઉટસોર્સિંગ કર્મચારીઓ, કોન્ટ્રાકટરો અને ગામના સરપંચોની ભૂમિકા પણ સામે આવી હતી. આ મામલે કેટલાક કર્મચારીઓ, કોન્ટ્રાકટરો અને સરપંચોની અગાઉ ધરપકડ થઈ ચૂકી છે.CID ક્રાઈમ પાસેથી મળેલી માહિતી મુજબ, નલ સે જલ કૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ ૬૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે અને આગામી સમયમાં વધુ વિગતો સામે આવી શકે છે.

# મહીસાગર જીલ્લા કલેક્ટર કચેરી ખાતે સેવા મેરા યોગદાન અંતર્ગત સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,

મહીસાગર જીલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે સેવા મેરા યોગદાન અભિયાન અંતર્ગત દેશના વીર જવાનો અને શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના ઉમદા હેતુ સાથે સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લાના વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, લોકપ્રતિનિધિઓ તેમજ માજી સૈનિક સંગઠનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દેશભક્તિપૂર્ણ વાતાવરણમાં વંદે માતરમ ગાન સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. દેશની રક્ષા કાજે પોતાના પ્રાણોની આહુતિ આપનાર અમર વીર શહીદોની સ્મૃતિમાં ઉપસ્થિત સૌએ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન દેશની સરહદોની સુરક્ષા, શાંતિ અને અખંડિતતા જાળવવા માટે શહીદ થયેલા વીર જવાનોના પરિવારો તેમજ કારગિલ યુદ્ધ દરમિયાન ઘાયલ થયેલા વીર જવાન વજેસિંહ અમરાભાઈ પગીનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. શહીદ વીર જવાન સ્વ. રૂમાલભાઈ રાવજીભાઈ રજાતના પરિવારજન કૈલાસબેન (ડોળી–સંતરામપુર), સ્વ.જયંતીભાઈ હકરાભાઈ પારગીના પરિવારજન અંજલીબેન (ખેડાપા–સંતરામપુર), સ્વ. નટવરભાઈ રામાભાઈ પ્રજાપતિના પરિવારજન રમીલાબેન (બકોર–ખાનપુર), સ્વ. લક્ષ્મણભાઈ હીરાભાઈ બારીયાના પરિવારજન મંગુબેન (કેલામૂળ–કડાણા) તથા સ્વ. રાજુભાઈ કેસરસિંહ બારીયાના પરિવારજન વિમળાબેન (માખલીયા–લુણાવાડા)નું તંત્ર અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બહુમાન કરાયું હતું.

આ ગૌરવશાળી કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર, જીલ્લા કલેક્ટર અર્પિત સાગર, જીલ્લા વિકાસ અધિકારી (DDO) યુવરાજ સિદ્ધાર્થ, જીલ્લા પોલીસ અધિક્ષક (SP) સફીન હસન, નિવાસી અધિક કલેકટર (RAC) સી.વી.લટા, પ્રાંત અધિકારી ઉમેશ શાહ (લુણાવાડા), ડીવાયએસપી (DySP) ચાવડા, જીલ્લા યુવા વિકાસ અધિકારી શર્મિષ્ઠા વસૈયાતથા જીલ્લા રમત ગમત અધિકારી હર્ષા ઠાકોરસહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, દેશની રક્ષા માટે સશસ્ત્ર દળોના જવાનોનો ત્યાગ, શોર્ય અને સમર્પણ અતુલનીય છે અને તેમના આ સર્વોચ્ચ બલિદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ સમગ્ર સમાજની નૈતિક ફરજ છે.

આ પ્રસંગે મહીસાગર જીલ્લા માજી સૈનિક સંગઠનના પ્રમુખ શનાભાઈ શંકરભાઈ ડામોર, ઉપપ્રમુખ પરથીંગભાઈ તાવીયાડ, મહામંત્રી મંગળાભાઈ ડામોર, જીલ્લા મહિલા પ્રમુખ મનીષાબેન પટેલ તેમજ વિવિધ તાલુકાઓના પ્રમુખઓ અને માજી સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીતના સામૂહિક ગાન સાથે ગૌરવપૂર્ણ માહોલમાં થયું હતું.




**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**

કેસ નંબરઃ– ૮૧૧/૨૦૨૬ તા.૧૮/૦૯/૨૦૨૬

અરજદારઃ પરમાર રાજુભાઈ સોમજીભાઈ રહે.ભરસડા, તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,ભરસડા, તા.ગરબાડા,જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર રાજુભાઈ સોમજીભાઈના પુત્રી/પુત્ર નામે પરમાર મનીષભાઈ રાજુભાઈ સોમજીભાઈ નું જન્મ તા.૦૧/૦૭/૨૦૦૨ના રોજ ગામ.ભરસડા, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રી/પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ભરસડા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રી/પુત્રના જન્મ ના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૧૮/૦૯/૨૦૨૬
સ્થળ : ગરબાડા

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

## આપની આજ.......

મેષ:આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટક સ્થળોની મુલાકાત લેવાની તક મળશે. બાળકની જીદને લીધે બજેટમાં સમસ્યા થઈ શકે છે.

વૃષભ: આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. હવામાન સતત બદલાતું રહે છે, તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. કાર્યસ્થળ પર વધારે કામના ભારણથી થાક રહી શકે છે. અનિયંત્રિત ગુસ્સાને ટાળવો.

મિથુન: આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે. વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં વ્યસ્તતાને લીધે પરિવારની અવગણના કરવી પડી શકે છે.

કર્ક:આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઈનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે. કાર્યમાં પણ આજનો દિવસ સામાન્ય રહેશે. નફો મેળવવા માટે તમારે વધુ મહેનત કરવી પડી શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે. મનમાં નકારાત્મકતાને લીધે ઘણી વખત મૂંઝવણની સ્થિતિ રહેશે.

કન્યા:કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો. સારા ખોરાક અને વાહનથી આનંદ મળશે. જાહેર જીવન સારું રહેશે.

તુલા: જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, અત્યારે તમારે પૈસા જ્યાં છે ત્યાં રાખવા જોઈએ. તમારે કામ માટે વધુ દોડવું પડી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા રહેશે ત્યાંથી નિરાશા મળશે. બપોર સુધીમાં કોઈ દુષ્ટતાનો ભય મનમાં રહેશે. આજે વધુ પડતા ગુસ્સાને કારણે બિનજરૂરી વિવાદની સંભાવના રહેશે.

ધન:આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો.

મકર:આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો. જૂના રોગમાં સુધારણાથી રાહત મળશે.

કુંભ:કાર્યમાં ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે. ઘર અને બહાર મુશ્કેલી મુક્ત વાતાવરણ બનાવવામાં રાહત મળશે.

મીન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. તમારું સામાજિક વર્તન સારુ રહેશે અને દિવસના પહેલા ભાગમાં તમારા બધા કામ સરળતાથી થઈ જશે પરંતુ તમારે લાભ માટે રાહ જોવી પડી શકે છે. પૈસા વિશે કોઈની સાથે દલીલ પણ થઈ શકે છે.



# ૨ ઓક્ટોબર ગાંધી જયંતી

**પૂજ્ય મહાત્મા ગાંધીજીની**
જન્મ જયંતીના અવસરે
## સર્વધર્મ પ્રાર્થના સભા

**: ગરિમામયી ઉપસ્થિતિ :**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**તારીખઃ** ૨ ઓક્ટોબર, ૨૦૨૬, શુક્રવાર
**સમયઃ** સવારે ૮-૦૦ વાગે
**સ્થળઃ** મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

## સ્વદેશી વ્રત આ યુગનું મહાવ્રત છે
- મહાત્મા ગાંધી

**મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી નિમિત્તે શત્ શત્ નમન**



"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઈડ ઈન ઈન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- **નરેન્દ્રભાઈ મોદી,** વડાપ્રધાન



**સ્વચ્છતા અને સ્વદેશી અપનાવીએ**

સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ **'આત્મનિર્ભર ગુજરાત'** અને **'વિકસિત ભારત'** ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

